**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રીજ
ભેજ
સવારે ૪૪ ટકા ● સાંજે ૨૩ ટકા

# ગાંધીનગરમાં આટલો બધો દારૂ ઘુસે છે કેવી રીતે....?

## કલોલના પિયજમાંથી દારૂનું મીની ગોડાઉન પકડાયુ : ૮૫૪૪ નંગ દારૂ-બિયરના જથ્થા સાથે રૂ. ૧૯.૫૮ લાખના મુદ્દામાલ સહિત ત્રણ શખ્સો પકડાયા : કલોલના બુટલેગર પ્રતાપ મારવાડીનો માલ હોવાનું ખુલ્યુ



ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લાના કલોલ અને અડાલજ આસપાસના વિસ્તારોમાંથી તાજેતરમાં મોટા મોટા ગાડાઉનો ભરીને વિદેશી દારૂનો સ્ટોક કરાયો હોય અને પોલિસનો દરોડો પડયો હોય તેવા ઘણા કિસ્સાઓ બહાર આવ્યા છે. આજે એલસીબીની ટીમે કલોલ તાલુકાના પિયજ ગામના એક બોર કુવા પર દરોડો પાડી મીની ગોડાઉન પકડી પાડયું છે. રૂ. ૧૯.૫૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી એલસીબીએ ત્રણને દબોચી લીધા છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. તરલ ભટ્ટ અને જે.ડી. પુરોહીતની ટીમ કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી દરમિયાન હેડ કોન્સ્ટેબલ મનુજી અને દિલીપસિંહને માહિતી મળી હતી કે કલોલ તાલુકાના પિયજ ગામની સીમમાં વિક્રમ ગણેશ ઠાકોરના બોરકુવા પર દારૂનો મોટો જથ્થો સંતાડવામાં આવ્યો છે. આ બાતમી આધારે ટીમે દરોડો પાડી બોરકુવાની ઓરડીમાંથી અને બહાર પડેલા એક પીકઅપ ડાલામાંથી મસ મોટો દારૂનો જથ્થો પકડી પાડયો હતો. વિદેશી દારૂની બોટલો તથા બિયરના ટીન મળી કુલ ૮૫૪૪ નંગ દારૂ-બિયરનો જથ્થો આ મીની ગોડાઉનમાંથી મળી આવ્યો હતો. રૂ. ૧૬ લાખના દારૂ-બિયર સાથે એલસીબીની ટીમે સ્થળ પરથી જ પીયજ ગામના વિક્રમ ગણેશ ઠાકોર, સિંદબાદ હોટલની પાછળ કોમ્પ્લેક્ષમાં રહેતા અર્જુન ભારમલરામ બિશ્નોઈ અને પીયજના સેરીસાવાળા વાસમાં રહેતા લાલા ચેલા ઠાકોર મળીને ત્રણ બુટલેગરોને પકડી પાડયા હતા. દારૂ-બિયરનો જથ્થો તથા ડાલુ, સ્કોડા ગાડી અને ચાર મોબાઈલો મળીને કુલ રૂ. ૧૯,૫૭,૮૦૦ની કિંમતનો મુદ્દામાલ એલસીબીએ જપ્ત કરી લીધો હતો.

આ દારૂનો જથ્થો લાવનાર મુખ્ય સૂત્રધાર કલોલનો બુટલેગર પ્રતાપ ગણેશ મારવાડી (મુળ ધાનેરા) હોવાનું બહાર આવ્યું છે. દારૂ કયાંથી લાવ્યો અને કયાં કયાં સપ્લાય થતો હતો તે સહીતની પુછપરછ શરુ કરવામાં આવી છે.

### અમીયાપુર પાસેથી ૩૪ બોટલ વિદેશી દારૂ મળ્યો

અડાલજ પોલિસની સર્વેલન્સ સ્કવોર્ડે બાતમીને આધારે અમીયાપુર પાસે તપોવન સંસ્કાર પીઠના દરવાજાથી સ્મશાન થઈ ગામ તરફ જતા રોડ પરથી ૩૪ નંગ વિદેશી દારૂ ઝડપી પાડયો હતો. આ દારૂની બોટલો કોઈ ગાડીમાંથી ઉતરાવેલી હતી. અડાલજ પોલિસને બાતમી મળી હતી કે આ દારૂ અમીયાપુરના જીગ્નેશ સોમા ઠાકોર અને જીતેન્દ્ર લખા ઠાકોરે ઉતરાવ્યો હતો. બંને સામે ગુનો નોંધી દારૂ જપ્ત કરીને બંનેની ધરપકડ માટે અડાલજ પોલિસે તજવીજ શરુ કરી છે.

### અડાલજ કેનાલ પાસે ઝાડીઓમાં સંતાડેલ ૪૧ બોટલ દારૂ સાથે એકની ધરપકડ : બે ફરાર

અડાલજ પોલિસને બાતમી મળી હતી કે અડાલજ એફ.સી.આઈ. ગોડાઉનની પાછળ છાપરામાં રહેતા ચેહરા ભીખાજી આકોર, પોર ગામના દશરથ બળદેવ ઠાકોર અને અડાલજમાં રહેતા મહેશ ઉર્ફે રાઉડી રાવળ ત્રણેય બુટલેગરોએ મળીને વિદેશી દારૂ લાવી વેપલો શરુ કર્યો છે. આ દારૂનો જથ્થો ચેહરા ઠાકોરના ઘર નજીક નર્મદા કેનાલની ઝાડીઓમાં સંતાડયો હોવાની માહિતી આધારે રેઈડ કરીને અડાલજ પલિસે કેનાલ નજીક સંતાડેલો ૪૧ નંગ વિદેશી દારૂની બોટલોનો જથ્થો પકડી આરોપી ચેહરાને દબોચી લીધો હતો. રૂ. ૧૩,૭૫૦નો મુદ્દામાલ જપ્ત કરીને એકની ધરપકડ કરી અડાલજ પોલિસે અન્ય ફરાર બે શખ્સોની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

### દારૂની 'લાઈન' ચાલુ થઈ કે ગુજરાતમાં ફેકટરી શરુ થઈ...?

ગાંધીનગર જિલ્લા સહિત ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં વિદેશી દારૂનો મસમોટો જથ્થો જે ટ્રકો-ટ્રેલરો અને અન્ય નાના-મોટા વાહનોમાંથી ઘુસે છે તેવી રાજસ્થાન-ગુજરાતની ત્રણ જ મુખ્ય બોર્ડરો છે. આ ત્રણ બોર્ડર ઉપર ગુજરાત રાજયની જાંબાઝ પોલિસનું ચેકીંગ નબળું હોય છે કે બુટલેગરો પોલિસને આસાનીથી ચકમો આપી શકે છે? તે સમજાતું નથી! આ બંને કારણ ન હોયતો બીજા બે કારણ એ હોઈ શકે કે ગુજરાતમાં જ દારૂ બનાવવાની ફેકટરીઓ શરૂ થઈ ગઈ છે અથવા પોલિસે ફરીથી 'લાઈન' શરુ કરી દીધી છે. 'લાઈન' એટલે કે દારૂનો જથ્થો ભરેલા કેટલાક વાહનોને 'સેટીંગ' આધારે ગુજરાતમાં પ્રવેશતા નહીં રોકવાનો પરવાનો...! કારણ કોઈ પણ હોય પરંતુ તાજેતરમાં ગાંધીનગર જિલ્લામાંથી જે મોટા પ્રમાણમાં દારૂ-બિયર ભરેલા ગોડાઉનો પકડાયા છે તે સવાલ કરવા મજબુર કરે છે કે આટલો બધો દારૂ ઘુસે છે કેવી રીતે ?

### ચિલોડા સર્કલથી દારૂની પેટીઓ ભરેલી એસ્ટીમ ગાડી પકડાઈ

ગાંધીનગર, તા.૧૮

ચિલોડા પોલિસે ચોકકસ બાતમી આધારે ધણપ પાટીયા પાસે ગઈ રાત્રે વૉચ ગોઠવી હિંમતનગર તરફથી દારૂની પેટીઓ ભરીને હેરાફેરી કરવા ચિલોડા તરફ આવી રહેલી એસ્ટીમ ગાડી નં. જીજે ૦૧ એચ.ડી. ૭૬૧૮ને પકડવા બેઠી હતી. બાતમીવાળી ગાડી ત્યાંથી નીકળે એટલે તેને ઉભી રાખવા પોલિસે ઈશારો કર્યો પણ ગાડી રોકાઈ ન હતી. ચિલોડા સર્કલે નાકાબંધી કરીને ટીમ આખી તે શંકાસ્પદ ગાડી પકડવા ઉભી રહી ગઈ હતી. રમરમાટ આવેલી આ ગાડીને પકડી લેવાઈ પણ બંને આરોપીઓ ભાગ્યા હતા. દરમિયાન એક શખ્સ ખાડામાં પડયો એટલે પકડાયો અને બીજાને પોલિસે દોડીને પકડયો હતો. અમદાવાદના ધવલ ખુશાજી સોલંકી અને પવન રવિન્દ્રસિંહ તોમરની ધરપકડ કરી ગાડીમાંથી ૧૨૦ બોટલ (૧૦ પેટી) વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

# બગીચાઓમાં પાલતુ પ્રાણીઓ સાથેના પ્રવેશ પર પ્રતિબંધ મુકો

**જાગૃત નાગરિક પરિષદ દ્વારા કરાયેલા સૂચનોમાં બગીચામાં ટ્રીટ વોટર વાપરવા ઉપરાંત બગીચાની આસપાસ ઝુંપડપટ્ટી જેવા દબાણો અટકાવવા જેવી વિવિધ માંગ કરાઈ**

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં બગીચાઓની સુધારણા માટે શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા વિવિધ સૂચનો કરવામાં આવ્યા છે. આ સૂચનોમાં બગીચામાં પાણી માટેની વ્યવસ્થા, સુરક્ષા માટેની વ્યવસ્થા, સાફ સફાઈ અંગે તેમજ તેનું સુપરવિઝન કરવા સાથે બગીચામાં લાઈટ, રમતગમતના સાધનો, વૉકવે, બેઠક વ્યવસ્થા વગેરે અંગે સલાહ આપવા સાથે બગીચાઓમાં પાલતુ પ્રાણીઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવા તેમજ બગીચા આસપાસ ઝુંપડપટ્ટી જેવા દબાણો અટકાવવા માંગ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા શહેરમાં બગીચાઓની સુધારણા માટે કરવામાં આવેલા સૂચનોમાં યોગ્ય કેપેસીટીના સુએજ વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું આયોજન કરી ગટરના પાણીને ટ્રીટ કરી વાપરવાથી પીવાના સ્વચ્છ પાણીનો બચાવ કરવા, બગીચાઓના કંપાઉન્ડની જાળીઓને જાળવી રીપેર કરવી પરંતુ પાકી દિવાલનો ખર્ચ ના કરી ભ્રષ્ટાચાર કરવાની તક ન અપાય તેવી રજુઆત કરવામાં આવી છે. આ ઉપરાંત બગીચાની યોગ્ય સફાઈ સાથે ચારેય ખૂણે પૂરતી ડસ્ટબીનો મુકવા અને તેની નિયમિત સાફસફાઈ થાય તેમજ લોન-ફુલ છોડ કટીંગનો કચરો બગીચાની બહાર નાંખવાને બદલે બગીચામાં જ ખાડો ખોદી તેમાં નંખાય, બગીચાનું નિયમિત સુપરવિઝન કરવું તથા તે માટે નિયમિત મુલાકાતીઓ પૈકી એકાદને 'બગીચા મિત્ર' તરીકે માનદ જવાબદારી સોંપવી, બગીચામાં સોલર લાઈટનું નિયમિત મેન્ટેનન્સ થાય, સ્પ્રીંકલર્સનો ઉપયોગ કરવા, બાળકો તથા વડીલો માટે જરુરી સાધનો મુકવા, વૉક વે બનાવવા, બગીચામાં પાલતુ કુતરા જેવા પ્રાણીઓ સાથે પ્રવેશ પર પ્રતિબંધ મુકવા, સારી ગુણવત્તાના બાંકડા મુકવા તેમજ બગીચાની આસપાસ વિકસતી ઝુંપડપટ્ટી જેવા દબાણો દૂર કરવા સલાહ સૂચનો કરવામાં આવ્યા છે.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ચકલીના માળા બનાવવાનો વર્કશોપ

માનવી જેમ જેમ વિકાસની કેડીએ આગળ વધતો જાય છે તેમ તેમ અનેક પર્યાવરણીય સમસ્યાઓનો સામનો કરતો રહે છે. ચકલી અને ચકલી કુળના અનેક પક્ષીઓની પેઢી નાશ:પ્રાય થવાને આરે છે. જંતુનાશક દવાઓ મિશ્રીત અનાજ અને પર્યાવરણની પ્રતિકુળતાના પગલે ચકલીઓ ઓછી થાય છે. ફ્રાન્સની ઈકો-સીસ એકસન ફાઉન્ડેશન અને ભારતની નેચર ફોરેસ્ટ સોસાયટીના સંયુકત ઉપક્રમે ૨૦૦૮થી વિશ્વ ચકલી દિનની ઉજવણી શરુ કરવામાં આવી છે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી તથા નિસર્ગ સાયન્સ સેન્ટરના સંયુકત ઉપક્રમે આ દિવસની ઉજવણી નિમિત્તે પ્રેરણા વિદ્યાલય, સેકટર-૫ ખાતે ચકલીના વિવિધ પ્રકારના માળા બનાવવાનો વર્કશોપ યોજાશે. આ કાર્યક્રમમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ વિદ્યાર્થીઓને ચકલીની પર્યાવરણમાં અગત્યતા વિશે સમજ આપશે તેમજ ચકલીને બચાવવા માટે કેવા પ્રયત્નો કરવા પડશે તેની વિગતવાર સમજ આપવામાં આવશે.

શહેર અને ગામડાઓમાં સિમેન્ટના પાકા મકાનો બનતા ચકલીનું આશ્રયસ્થાન છીનવાઈ ગયું છે. પહેલાના સમયમાં માટીના અને લાકડાના બનાવેલા ઘર ચકલી માટે ખુબ જ સુરક્ષિત સ્થાન હતા. તેથી હવે ચકલીઓ રહેવાની વ્યવસ્થા કરવાની જવાબદારી આપણી જ છે તે હેતુથી આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ જાતે પૂંઠામાંથી વિવિધ પ્રકારના માળા બનાવશે તેમાં વિવિધ રંગો પૂરશે અને ચકલીને બચાવવાના વિવિધ સૂત્રો માળા પર લખી ચકલી દિનની ઉજવણી કરશે. આ કાર્યક્રમમાં શાળાના ૫૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાશે.

## @ગાંધીનગર

● કુડાસણ ગામ સમસ્ત ઠાકોર પરિવાર દ્વારા ચોટીલા પગપાળા યાત્રાનું સવારે ૬.૦૦ કલાકે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન શકિત ચોક મંદિરમાં સે-૩-સી ખાતે યોજાશે.

● ભાવનાબેન ગોકલાણી અને ગોપી મંડળ દ્વારા આનંદનો ગરબો ચંદ્રમૌલેશ્વર મહાદેવ સે-૨-બી ગાંધીનગર ખાતે યોજાશે.

# વાવોલમાં 'ટપાલ સેવા' કથળી : નાગરિકો પરેશાન

ગાંધીનગર, તા.૧૮

દેશમાં વિકાસના મોડલ સમા ગુજરાત રાજયના પાટનગરને અડીને આવેલા વાવોલને 'ટપાલ સેવા' જેવી અત્યંત મહત્વની અને પાયાની સુવિધા પણ યોગ્ય રીતે પ્રાપ્ત નથી. છેલ્લા કેટલા સમયથી વાવોલમાં ટપાલ સેવા ખોરંભે ચઢી હોવાને કારણે નાગરિકો પારાવાર મુશ્કેલી અનુભવી રહ્યા છે તેમજ ઝડપથી વિકસી રહેલા વાવોલ વિસ્તારને 'સબ પોસ્ટ ઓફિસ'ની ફાળવણી કરવામાં આવે તેવી અપેક્ષા આ વિસ્તારના નાગરિકોમાં પ્રવર્તી રહી છે.

પોસ્ટ સેવા એ નાગરિકો માટે અત્યંત મહત્વની અને પાયાની સેવા ગણાય છે કેમ કે આ સેવા થકી નાગરિકોને અગત્યના દસ્તાવેજો, નોટીસો, વિવિધ સેવાના બિલો, બેંકના સ્ટેટમેન્ટસ, ઈન્કમટેક્ષાની નોટીસો વિમા પ્રિમીયમ સહિત જરૂરી નોટીસો, પાર્સલ સેવા, કોર્ટની નોટીસો સહિતના અગત્યના કાગળો, સામાયિકો સહિત લવાજમ ભરેલ સાહિત્યની ડિલીવરી ઉપરાંત કંકોત્રી-નિમંત્રણ પત્રિકાઓ, બેસણાં-ઉઠમણાંના પત્રો, એર ટિકીટો ઉપરાંત પાસપોર્ટ જેવા અતિ મહત્વના દસ્તાવેજો પ્રાપ્ત થતા હોય છે. અત્યારે કેટલાક સમયથી વાવોલમાં ટપાલેસવાની કથળેલી હાલતના કારણે વાવોલ ગામ તથા તેની આસપાસ વિકસેલ સોસાયટી વિસ્તારના નાગરિકોને આ સેવા મેળવવામાં ખૂબ તકલીફ પડી રહી છે. ટપાલ ડિલીવરી સેવાનું કાર્ય જેને સોંપવામાં આવ્યું છે તેની કામગીરી અંગે અનેક સવાલો ઉઠવા પામ્યા છે અને નાગરિકો પારાવાર પરેશાનીનો ભોગ બની રહ્યા છે જેના કારણે વાવોલમાં વિધિવત રીતે સબ પોસ્ટ ઓફિસ ફાળવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. જો સબ પોસ્ટ ઓફિસ ફાળવાય તો આ વિસ્તારના રહીશોને પોસ્ટલ બચત, રીકરીંગ યોજના, વિવિધ બચતપત્રો, પીપીએફ સહિતની સેવાઓનો પણ લાભ મળી શકે. ગાંધીનગરની મુખ્ય પોસ્ટ ઓફિસ દ્વારા સત્વરે આ બાબતે નિર્ણય લેવાય તેવું વાવોલની જનતા ઈચ્છી રહી છે.



ગાંધીનગરના સેકટર-૨૯ સ્થિત જલારામ મંદિરે દરિયાલાલ દાદાની પૂજનવિધિ તેમજ હવન, દાદાની મૂર્તિના દાતાના હસ્તે યોજાઈ હતી. આ પ્રસંગે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોહાણા સમાજના ૭૦૦ જેટલા ભાવિકોએ લાભ લીધો હતો.

# શા માટે પરીક્ષાઓ ચિંતાદાયકના બદલે આનંદદાયક નથી બનતી??

## બોર્ડની પરીક્ષાના મહત્વ કરતા તેનો 'હાઉ' વધારે છે : નીચલા ધોરણમાં એસાઈનમેન્ટમાં 'ટીક'ની પ્રથા ઉચ્ચ શિક્ષણમાં વિદ્યાર્થી માટે મુશ્કેલીરૂપ બને છે : અભ્યાસ સાથે પરીક્ષા યાદશકિતની નહીં આવડતની લેવાય તે જરૂરી




ગાંધીનગર, તા.૧૮

તાજેતરમાં સોશ્યલ મિડીયા પર એક ચબરાકિયું વાંચવા મળેલું જેમાં લખ્યું હતું કે 'નાના હતા ત્યારે પણ માર્ચ ડરાવતો હતો અને મોટા થઈને ધંધો કર્યો તો પણ માર્ચ ડરાવે છે.' માર્ચ માસ એટલે જાણે દરેકની પરીક્ષાનો માસ તેવી સ્થિતિ સર્જાઈ છે અને એમાં પણ બોર્ડની પરીક્ષાનો 'હાઉ' તો એટલો બધો છવાઈ જાય છે કે જેમાં બે ચાર માસુમોનો ભોગ સુધ્ધાં લેવાઈ જાય છે. બોર્ડના પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થીઓનો પ્રવેશ સમયનો માહોલ જુઓ તો જાણે એવું લાગે કે કોઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આતંકવાદી ઘુસી ના જાય તેની તકેદરી માટે મુસાફરોનું ચેકિંગ કરાતું હોય તેવી રીતે બાળકને પ્રવેશ અપાય છે વળી, આ સાથે પરીક્ષા ખંડમાં પણ પારાવાર સૂચનાઓ અને સાવધાનીઓ સાથે સીસીટીવી કેમેરાની ચાંપતી નજરો બાળકોને ગભરાવે નહી તો શું કરે? શું એકવીસમી સદીમાં પણ આપણે શાળાકીય પરીક્ષાઓને આનંદદાયક ના બનાવી શકીએ? શું પરીક્ષામાં ડરનો માહોલ સર્જવો જરુરી છે?

તાજેતરમાં ઉત્તરપ્રદેશ રાજયમાં કેટલાક પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓએ સમૂહમાં બોર્ડની પરીક્ષાઓનો બહિષ્કાર કરી આ વર્ષે પરીક્ષા નથી આપી કેમ કે તેમને આ વર્ષે 'ચોરી' કરવાની 'સુવિધા' પ્રાપ્ત થઈ શકી નહોતી. બીજી તરફ ગુજરાતમાં એક ન્યુઝ ચેનલ દ્વારા કેટલીક સરકારી શાળાઓમાં જઈ ચાલુ વર્ગમાં શિક્ષકોને કેટલાક સામાન્ય જ્ઞાનના સવાલો જેવા કે અંગ્રેજીના શિક્ષકને તેઓ ભણાવે છે તેના કરતા નીચલા ધોરણના અભ્યાસક્રમમાં આવતા સ્પેલિંગ કે સામાજિક વિજ્ઞાનના શિક્ષકને રાજયપાલનું નામ પુછવામાં આવ્યું હતું અને આ શિક્ષકો આવા સામાન્ય સવાલોના જવાબો પણ આપી શકયા નહોતા. હવે સવાલ એ થાય છે કે અન્ય નોકરિયાતો કે વ્યવસાયિકોને જેનો પગાર અધધધ... લાગે છે તેવા શિક્ષકોને આટલો પગાર ચુકવ્યા પછી તેઓ તે મુજબની તેમની સેવાઓ પુરી પાડે છે ખરા? અરે પ્રાથમિક અને માધ્યમિક શાળાના ભણતરમાં ઘુસેલી 'એસાઈનમેન્ટ' નામની પ્રથાની આડમાં કયાંક શિક્ષકો બાળકોને માત્ર 'ગોખણીયા' તો નથી બનાવી રહ્યાં ને? કેમ કે પાયાના શિક્ષણમાં 'એસાઈનમેન્ટ' આપી પરીક્ષા અગાઉ વિદ્યાર્થીઓને તેમાં 'ટીક' કરી આપવામાં આવે છે જેમાંથી જ પ્રશ્નપત્રમાં પ્રશ્નો પુછાય છે. આ કારણે વિદ્યાર્થીઓને માત્ર 'ટીક' પુરતો જ અભ્યાસ કરવાની ટેવ પડે છે અને તેમાં જે વિદ્યાર્થીની યાદશકિત વધુ તેજ તે મેદાન મારી જાય છે કેમ કે 'ટીક' માર્ક પછી પરીક્ષા માત્ર યાદશકિતની કસોટી જ બની જાય છે. તો પછી શા માટે વિદ્યાર્થીઓને કેટલાક વિદેશમાં યોજાય છે તે રીતે પાઠયપુસ્તક લઈને જ પરીક્ષા આપવા ના દેવાય, એસાઈનમેન્ટના બદલે તેમાંથી શોધી જવાબ મેળવવાની કસોટી એટલિસ્ટ ઓછી યાદશકિત ધરાવતા વિદ્યાર્થીને અન્યાય તો નહીં કરે ને.



સોશિયલ મિડીયા પર ખુબ ફરતું વધુ એક લાંબુ ચબરાકિયું યાદ આવે છે જેમાં શાળામાં ઈન્સ્પેકશન માટે આવેલા ઈન્સ્પેકટરે બાળકને એક સીધો સાદો સવાલ પુછયો કે 'શિવજીનું ધનુષ્ય કોણે તોડયું હતું?' અને આ સવાલ શિક્ષક, આચાર્ય, ગામના સરપંચથી માંડીને શિક્ષણમંત્રી સુધી પહોંચે છે તેવી રમુજી કલ્પના વ્યકત કરાઈ છે. જો કે આ રમુજ પાછળ એક ધારદાર કટાક્ષ રહેલો છે. માત્ર શાળાનું પરિણામ સારું આવે તે માટે બાળકના 'શિખવા'ના અધિકારની ધરાર અવલેહના કરતા સંચાલકોથી માંડીને શિક્ષકને નિશ્ચિત સમયમાં સિલેબસ પુરો કરવાની જેટલી ચિંતા હોય છે તેટલી ગણિત-વિજ્ઞાન કે ભાષાના વિષયોના પાયાના જ્ઞાનને શિખવાડવાની નથી દેખાતી. હવે તો વિજ્ઞાનના પ્રોજેકટસ બજારમાં તૈયાર મળે છે અને યુ-ટયુબ નવી પેઢીની 'ગાઈડ' બની ચુકયું છે. એક સમય હતો જયારે શાળામાં ઠોઠ નિશાળિયો હોય તેને ટયુશન રાખવાની સલાહ અપાતી હતી અને હવે એ સમય છે કે 'ઠોઠ' નિશાળિયાને કોઈ ટયુશનવાળા લેવા તૈયાર નથી. એસાઈન્મેન્ટના 'ટીક'ના આધારે શાળાની પરીક્ષાઓ આપનારા વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષાઓ કે ઉચ્ચ શિક્ષણમાં ઝડપથી ગોતા ખાવા લાગે છે અને તરૂણાવસ્થાએ પહોંચેલા કિશોરોમાં ડર અને તણાવ સ્વાભાવિક રીતે આવી જાય છે. એમાં પણ જો વાલીનું દબાણ અને અપેક્ષાઓ ઉમેરાય એટલે બાળકનો દિશાભ્રમ થતા વાર લાગતી નથી.

ગાંધીજીનું શાળાકીય પરીક્ષાઓમાં શું પરિણામ હતું? નોકરી માટેના કેટલા ઈન્ટરવ્યુમાં ધો-૧૦ કે ૧૧ની પરીક્ષાના માર્ક પુછાય છે? ઉચ્ચ શિક્ષણ માટે બોર્ડની ટકાવારી જોવાય છે કે જેઈઈ અથવા નીટનું પરિણામ? મોટા ભાગની મોટી યુનિવર્સિટીઓ પોતાની પ્રવેશ પરીક્ષા લે છે તેમજ અનેક મોટી કંપનીઓ પણ નોકરી આપતા પહેલા પોતાની રીતે કસોટી લે છે. તો પછી શા માટે બોર્ડની પરીક્ષાઓમાં આટલો બંધો બંદોબસ્ત અને આટલું બધું ગંભીર વાતાવરણ? મૂળભૂત શિક્ષણ પધ્ધતિ જ પરીક્ષાલક્ષી બનાવી દેવાઈ છે અને તેમાં પણ અનેક શિક્ષકોની 'શિખવાડવાની' કે 'શિખવા'ની બંને દાનતમાં ખોટ. જરા યાદ કરો કે ગુરૂ દ્રોણે ઝાડ પર પક્ષી બતાવી દુર્યોધનથી માંડીને અર્જુન સહિત તમામ વિદ્યાર્થીઓને એક સરખો જ એક જ સવાલ પુછેલો તેમાં યાદશકિતની કસોટી હતી કે આવડતની?? શું આટલા આધુનિક સમયમાં આપણે શિક્ષણ પધ્ધતિ આવડતલક્ષી બનાવી પરીક્ષા પણ યાદશકિતની નહી આવડતની કેમ ના લઈ શકીએ?? પરીક્ષા એ તો મેળવેલ શિક્ષણનું મુલ્યાંકન માત્ર છે તો શા માટે તે ચિંતાદાયકના બદલે આનંદદાયક ના બને? વાત ખોટી લાગતી હોય તો કોલેજના યુવાનોના પરીક્ષા પત્યાના બીજા દિવસના સોશ્યલ મિડીયા પર મુકવામાં આવેલા 'સ્ટેટસ અપડેટ' જોઈ લેજો.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com